જીવન સતત કંઇક આપે પણ છે, અને જીવન કંઇક લઇ પણ લે છે, એ સ્વીકારવાની યોગ્યતા માણસે પ્રાપ્ત કરવી પડે છે
- મુનિ ભાનુચંદ્રજી

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૩૫૩ | ૯ માર્ચ, ૨૦૧૫, સોમવાર ; ફાગણ વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# જિલ્લાનું બાળપણ બિમારીથી પિડાય છે

## હૃદય, કિડની અને કેન્સર ઉપરાંત થેલેસેમીયાથી પિડાતા બાળકો શાળા આરોગ્ય ચકાસણી દરમ્યાન મળ્યા : માનસિક તનાવ અને શરીરની સ્થૂળતા ધરાવતા બાળકો મળતાં તંત્ર ચોંકી ઉઠ્યું : સૌથી વધુ બિમાર બાળકો ગાંધીનગરમાં

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લાનું બાળપણ ૧૯ થી પણ વધુ બિમારીઓથી પિડાઈ રહ્યુ છે. જિલ્લામાં સંપન્ન થયેલ શાળા આરોગ્ય ચકાસણી દરમ્યાન ઘણી બધી ચોંકાવનારી હકીકતો બહાર આવવા પામી છે.

જિલ્લામાં ૧૧ બાળકો થેલેસેમીયાની ગંભીર બિમારીથી તો, ૮૪ બાળકો હૃદયની બિમારીથી, ૨૦ બાળકો કિડનીની બિમારીથી અને સાત બાળકો કેન્સરની બિમારીથી પિડાતા મળી આવ્યા છે. જેમને વધુ સારવાર માટે આગળ મોકલવામાં આવ્યા છે.

ગત વર્ષની તુલનામાં આ બાળકોની સંખ્યા ઘણી વધારે હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાની શાળાઓના ૨ લાખ ૯૦ હજારથી પણ વધુ બાળકોના આરોગ્યની ચકાસણી ૧૪ નવેમ્બરથી ૩૧ જાન્યુઆરી દરમ્યાન કરવામાં આવી હતી.

આ ચકાસણીની કામગીરી દરમ્યાન પાંડુરોગની બિમારીથી પિડાતા બાળકો ૯૪૯૬ મળી આવ્યા છે. જેમાં ગાંધીનગર તાલુકાના ૭૦૧૬, દહેગામના ૮૬૧, માણસાના ૫૧ અને કલોલના ૧૫૬૮ બાળકોનો સમાવેશ થાય છે. આંત્રકૃમિના રોગથી પિડાતા બાળકોની સંખ્યા ૨૨૮૪ છે.

આ વખતે ચકાસણી દરમ્યાન દાંતની તકલીફ, આંખની તકલીફ ધરાવતા તેમજ માનસિક તનાવ અનુભવતા બાળકો ગત વર્ષની તુલનામાં વધુ મળી આવ્યા છે જેનાથી આરોગ્યતંત્ર પણ ચોંકી ઉઠ્યું છે.

જિલ્લાના ૪૦૦ જેટલા બાળકો શ્વસનતંત્રના રોગથી તો ચેતાતંત્રની બિમારીથી પિડાતા બાળકો પણ મળી આવ્યા છે.

રાજય સરકાર દ્વારા તમાકુના સેવન પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે તેમજ શાળા સંકુલની આસપાસ પાનના ગલ્લા ના હોવા જોઈએ તેવી જાહેરાતો સાથેના આદેશો કર્યા છે, આમ છતાં ૧૧ જેટલા ભૂલકાંઓ તમાકુના વ્યસની હોવાનું જણાયુ છે.

ભાર વગરના ભણતર અંગે ગાઈ વગાડીને રટણ કરતા શિક્ષણતંત્ર

● અનુસંધાન પાન-૭ પર



પ્રકૃતિની ભવ્યતા - ગાંધીનગરની સમીસાંજ માણવાનો પણ એક લ્હાવો છે... વૃક્ષોની ડાળીઓની આરપારથી પસાર થતાં સૂર્યના કિરણો અનોખા દશ્યો સર્જે છે... એમાંય સમીસાંજના દશ્યો તો અલૌકિક અને અવિસ્મરણિય હોય છે... સૂર્યાસ્તને આપણી સંસ્કૃતિમાં સંધ્યાના મહિમા તરીકે વર્ણવાયો છે... સૂર્યનો અસ્ત અને ચંદ્રનો ઉદય એટલે સંધ્યા... સાંસ્કૃતિક વારસામાં તો સંધ્યા પૂજાનો મહિમા અનોખો છે... પરંતુ એક પર્યાવરણ પ્રેમી તરીકે પ્રાકૃતિક વૈભવ ઉપર સૂર્યનો પ્રેમ ઉર્જા સ્વરૂપે પ્રગટે છે... ત્યારે સર્જાય છે મનભાવન દશ્યો... ગાંધીનગરની સમી સાંજે કોઈપણ સેક્ટરના કોઈપણ ખૂણાથી વૃક્ષો પરના પંખીઓનો કલશોર અને રતાશી કિરણો સમગ્ર પ્રાકૃતિક માહોલને હૃદયસ્પર્શી બનાવે છે... ગાંધીનગરમાં આંતરમાળખાકીય સુવિધાનો જેટલો મહિમા છે એનાથી વિશેષ મહિમા પ્રાકૃતિક વૈભવનો છે... સરસ મજાના વૃક્ષો અને વૃક્ષો પર પંખીઓનો કલરવ એમાં સૂર્ય-ચંદ્રના કિરણોનો થતો ઉર્જાનો અભિષેક મનને પરમશાંતિ તરફ ગતિ આપે છે....

# ‘અભયમ્-૧૮૧’નો રાજ્યવ્યાપી પ્રારંભ

## મહિલાઓની સ્વાસ્થ્ય સુખાકારી ચકાસણી નિદાન માટે સ્વાસ્થ્ય મેળા આરોગ્ય કેમ્પ યોજાશે : પ્રતિ સપ્તાહ શનિ-રવિએ આઠ રાજ્યવ્યાપી આરોગ્ય રક્ષા કેમ્પ

ગાંધીનગર, તા. ૮

મુખ્યમંત્રી શ્રીમતી




આનંદીબહેન પટેલે રાજયમાં મહિલાઓ, પુખ્ત વયની દિકરીઓ અને સગર્ભા માતાઓ બાળકોના આરોગ્ય ચકાસણી નિદાન માટે રાજ્યવ્યાપી સ્વાસ્થ્ય મેળા આરોગ્ય કેમ્પ આગામી ૧૪, ૧૫, ૧૬ માર્ચથી યોજવાની જાહેરાત કરી છે.

આ સંદર્ભમાં તેમણે જાહેર કર્યું હતું કે, પ્રતિ સપ્તાહ શનિ-રવિના દિવસોએ આવા આઠ આરોગ્ય રક્ષા કેમ્પ જિલ્લા-તાલુકા મથકોના આરોગ્ય ધામોમાં માતૃ બાળ કલ્યાણ વિભાગ, આરોગ્ય વિભાગ અને શિક્ષણ વિભાગના સહયોગથી માતા-બાળ આરોગ્ય સ્વાસ્થ્યની સર્વાંગી સુખાકારી સંભાળના અભિયાન સ્વરૂપે યોજાશે.

મુખ્યમંત્રીશ્રીએ વિશ્વમહિલા દિવસ ૮મી માર્ચે બહેનો, માતાઓ, મહિલાઓને આપત્તિ વેળામાં સલાહ, બચાવ, મદદ, સૂચન અને માર્ગદર્શન માટેની ૧૮૧ અભયમ મહિલા હેલ્પ લાઈનનો રાજ્યવ્યાપી આરંભ ગાંધીનગરથી કરાવ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

# કૃષિ મહોત્સવમાં નવતર અભિગમ

## જિલ્લા પંચાયતની બેઠક દીઠ સેમિનાર યોજાશે : ખેતી અને પશુપાલનની કીટોનું વિતરણ પણ નહિ કરાય

ગાંધીનગર, તા. ૮

આગામી ૨૧મી એપ્રિલને અખાત્રીજથી શરૂ થનાર કૃષિ મહોત્સવનું રૂપ અને સ્વરૂપ બદલી ઉજવણી કરશે.

કૃષિ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રોના જણાવ્યાનુસાર કૃષિ વિભાગ દ્વારા હવે જિલ્લા પંચાયતની બેઠક દીઠ સેમિનાર યોજવામાં આવશે. તેમજ સેમિનારના સ્થળ પર ૨૦ જેટલા સ્ટોલ્સ પ્રદર્શન અને પ્રમાણિત બિયારણના સ્ટોલ્સ ઉભા કરવાના રહેશે.

આ સેમિનાર પણ સવારે ૮.૩૦ કલાકે શરૂ થશે અને બપોરે ૧ વાગ્યા સુધી ચાલશે. જેમાં સિંચાઈ યોજના સહિતની વિવિધ યોજનાઓની જાણકારી આપવામાં આવશે.

વૈજ્ઞાનિકો દ્વારા આધુનિક ખેતી માટે ખાસ જ્ઞાન ગોષ્ઠી કરાશે. આ મહોત્સવ દરમ્યાન જે અગાઉ પશુપાલન અને કૃષિ ક્ષેત્રની જે કીટોનું વિતરણ કરવામાં આવતુ હતુ તે બંધ કરવાનો પણ મહત્વનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે.

કૃષિ વિભાગ દ્વારા ૧૧મા વર્ષે કૃષિ મહોત્સવનું સ્વરૂપ બદલી તદ્દન નવા અભિગમ સાથે આની ઉજવણી કરવાનું નક્કી કર્યું છે. આ મહોત્સવ ૧૫ મે સુધીમાં પૂર્ણ કરી દેવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર





**૧ થી ૩૦ સેક્ટર માટે**
**LED TV, LCD TV, Colour TV**
રીપેરીંગ માટે ફોન કરો
**સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ**
ફોન : ૨૩૨ ૮૭૧૧૫
મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧
મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬

**ટચુકડી જાહેર ખબર**
દર ગુરુવારે-રવિવારે
જાહેરાત માટેનું
અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

